**// આંક – ૪ ની અરજી લગત હુકમ //**

(૦૧) વિવાદી/મુળ આરોપી તરફે રજુ થયેલ આંક – ૪ ની અરજી વંચાણે લીધી તથા વિવાદી/મુળ આરોપીના વિ. વકીલશ્રીઓને સાંભળ્યા.

(૦૨) આ કામે વિવાદી તે મુળ આરોપી ઠક્કર હરીહરભાઈ ભગવાનભાઈના વિરૂદ્ધ હાલની ક્રિમીનલ અપીલના સામાવાળા નં. ૧ બેંક ઓફ બરોડા, હારીજ શાખાના મેનેજરશ્રી દ્ધારા હારીજના વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ અને તે હારીજના વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ક્રિમીનલ કેસ નં. ૧૬૧/૨૦૨૦ થી રજીસ્ટરે લેવાયેલ.

(૨.૧) ત્યારબાદ ક્રિમીનલ કેસ નં. ૧૬૧/૨૦૨૦ ચાલી જતાં હારીજના વિ. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ બંને પક્ષકારોને સાંભળી તા.૦૭/૦૬/૨૦૨૨ ના રોજ આંક – ૫૭ થી જજમેન્ટ જાહેર કરી હાલના વિવાદી તે મુળ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી તેઓને ૧(એક) વર્ષની સાદી કેદની સજા ફરવાવવાનો અને ફરીયાદીને રૂ.૭૦,૦૧૪–૭૮ પૈસાનું વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવેલ હતો. બાદ પક્ષકારો વચ્ચે હારીજ કોર્ટમાં તા.૨૬/૦૬/૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં સમાધાન થયેલ છે. આ કામે રજુ થયેલ માર્ક – ૩/૪ ની સમાધાન પુરસીસ તેમજ માર્ક – ૩/૫ નું હારીજ નાગરિક સહકારી બેંક લી., હારીજનું સ્ટેટમેન્ટ ધ્યાને લેતાં સદર સમાધાન પક્ષકારો વચ્ચે રૂ.૩,૫૦,૦૦૦/– માં થયેલ હોવાનું અને તે પૈકી વિવાદી/મુળ આરોપીએ પ્રતિવિવાદી/મુળ ફરીયાદી બેંકમાં રૂ.૫૦,૦૦૦/– જમા કરાવેલ હોવાનું અને બાકીની રકમ રૂ.૩,૦૦,૦૦૦/– લાખ માસિક રૂ.૧,૦૦,૦૦૦/– ના એવા ૩(ત્રણ) હપ્તામાં વિવાદી/ મુળ આરોપીએ પ્રતિવિવાદી/મુળ ફરીયાદી બેંકને જમા આપવાના છે.

(૦૩) આ કામે વિવાદી તે મુળ આરોપીએ ઉપરોક્ત હુકમ સામે સદર અપીલ કરેલ

છે. જેમાં તેઓએ હાલની અરજી આપી જણાવેલ છે કે, સદર અપીલ ચાલે તે દરમિયાન નીચેની કોર્ટના હુકમનો અમલ મોકુફ રાખી તેઓને જામીન ઉપર મુક્ત કરવા જણાવેલ છે. વધુમાં તેઓએ મૌખિકમાં રજુઆત કરેલ છે કે, સદર અપીલ ચાલતા ઘણો સમય લાગે તેમ છે. વિવાદી/આરોપી પાટણના વતની છે અને સ્થાવર જંગમ મિલકત ધરાવે છે અને ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. નામ. કોર્ટ જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા તૈયાર અને ખુશી છે.

(૦૪) ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં વિવાદી/આરોપીએ તેઓને ક્રિમીનલ કેસ નં.૧૬૧/૨૦૨૦ ના કામે ટ્રાયલ કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ સજા અંગેનો તા.૦૭/૦૬/૨૦૨૨ ના રોજનો તકરારી હુકમ હાલની ક્રિમીનલ અપીલ નં. ૩૬/૨૦૨૨ દાખલ કરી પડકારેલ છે. જોકે આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોઈ અને સમાધાનની કુલ રકમ રૂ.૩,૫૦,૦૦૦/- પૈકી વિવાદી/મુળ આરોપીએ રૂ.૫૦,૦૦૦/- ફરીયાદી બેંકમાં જમા કરાવેલ હોઈ અને બાકીની રૂ.૩,૦૦,૦૦૦/- ની રકમ રૂ.૧,૦૦,૦૦૦/- ના એક એવા ત્રણ હપ્તામાં જમા આપવાનું નક્કી થયેલ છે. આમ, પક્ષકારો વચ્ચે રકમની લેવડદેવડ બાબતે યોગ્ય વ્યવસ્થા થઈ ગયેલ છે. આ સંજોગોમાં વિવાદી/મુળ આરોપીને લેણી રકમના ૨૦% જમા કરાવવાનો હુકમ કરવાનું યોગ્ય જણાતું નથી. જેથી ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતાં આ અદાલતે માત્ર ટેકનીકલ નહીં બનતાં, વિવાદી તે મુળ આરોપીને ટ્રાયલ કોર્ટે સજા અંગેનો ફરમાવેલ હુકમનો અમલ મોકુફ રાખી અપીલ ચાલતાં દરમ્યાન તેઓને જામીન ઉપર મુક્ત કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચિત હોવાના તારણ ઉપર આ અદાલત આવે છે. જેથી વિવાદી તે મુળ આરોપીની આંક - ૪ ની અરજી શરતોને આધીન મંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

(૧) વિવાદી/મુળ આરોપીની હાલની આંક - ૪ ની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) વિવાદી તે મુળ આરોપી ઠક્કર હરીહરભાઈ ભગવાનભાઈ, રહે. અમરપુરા ચાલી, મુ. તા. હારીજ, જી. પાટણવાળાને રૂ.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સદ્ધર જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા આપ્યેથી, તેઓને ક્રિમીનલ કેસ નં. ૧૬૧/૨૦૨૦ ના કામે હારીજના વિ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેસ્ટ ફર્સ્ટ ક્લાસશ્રીએ તા.૦૭/૦૬/૨૦૨૨ ના રોજ આંક– ૫૭ નું જજમેન્ટ જાહેર કરી સજા અંગેનો ફરમાવેલ હુકમનો અમલ મોકુફ રાખી ક્રિમીનલ અપીલ નં. ૩૬/૨૦૨૨ ના આખરી નિકાલ દરમ્યાન તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર કસ્ટડી મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**// શરતો //**

(૧) વિવાદી/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તેઓએ પોતાનો પાસપોર્ટ નીચેની અદાલત સમક્ષ રજુ કરવો, વિકલ્પે તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

(૨) વિવાદી/આરોપીએ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૩) વિવાદી/આરોપીએ અપીલની ટ્રાયલ વખતે નિયમીત કોર્ટમાં હાજર રહેવું.

(૪) વિવાદી/આરોપીએ પોતાનું કાયમી સરનામું તથા જો મોબાઈલ ફોન ધરાવતા હોય તો મોબાઈલ ફોનનો નંબર રજુ કરવો અને તે અદાલતની પુર્વ પરવાનગી વગર બદલવો નહીં. વિવાદી/આરોપીએ રજુ કરેલ સરનામું આ અપીલની ટ્રાયલ દરમ્યાન તેમનું કાયમી સરનામું ગણાશે.

– ***વિવાદી/આરોપીએ જામીન નીચેની અદાલતમાં આપવા.***

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૦૭/૨૦૨૨.

પાટણ.

**( નિલેશ શનાભાઈ પ્રજાપતિ )**
સેશન્સ જજ,
પાટણ.
( **Judge U.I.Code No. GJ** 00443 )

( **BKP** )